**ક્રિમીનલ કેસ નં.૩૦૫૦/૨૦૨૨**

**આંક-૧ લગત હુકમ**

(૧) ફરીયાદ પક્ષના કેસની હકીકત એવી છે કે, આરોપી સામે ધી પ્રોહીબીશન એકટની કલમઃ–૮૫(૧)૩ મુજબના શિક્ષાને પાત્ર ગુના અંગેનું ચાર્જશીટ અત્રેની કોર્ટ સમક્ષ રજુ થયેલ છે.

(૨) આ કામના આરોપી કોર્ટ સમક્ષ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો મફત આપ્યાની ખાત્રી કરેલ છે અને કબૂલાત પુરસીસ થી તેઓ ગુનાનો આક્ષેપ કબુલ કરેલ છે. આરોપીને તેઓ સામેના ગુનાની ગંભીરતા તથા સજાકીય જોગવાઈઓ અંગે સમજાવવામાં આવેલ તેમજ ગનુો કબુલ કરવા બંધાયેલ ન હોવાનું જણાવેલ છે. તેમ છતાં આરોપી તેઓ નો ગુનો કબુલ કરતાં હોવાનું જણાવેલ છે.

(૩) આરોપી સામે હાલના કામે પ્રોહીબીશન એકટની કલમ ૮૫–૧ અન્વેયનું છે. હાલના કામે સજાની જોગવાઈ જોતાં આરોપી સામેનો ગુનો એ વોરંટ ટ્રાયબેલ ગુનો હોઈ આરોપી સામે તહોમતનામું ફરમાવી તેઓ નો જવાબ/પ્લી લવોમાં આવેલ. તેઓએ ગુનો કબુલ કરેલ હોવાનું જણાવેલ છે. આ કામે આરોપીએ સ્વેચ્છાએ કબુલાત કરેલ છે. આરોપીને સજા અંગે સમજાવવામાં આવેલ છે. તમે છતાં આરોપીએ તેની સામેના ગુનાની કબુલાત કરી જણાવે છે કે, આ તેઓનો પ્રથમ ગુનો છે તેમજ તેઓ ગરીબ માણસ હોઈ તેમજ કુટુંબ કબુલાવાળા હોઈ અને પ્રથમ તેના કુટુંબની દેખભાળ રાખનાર તેઓ અકેમાત્ર ઈસમ હોઈ દયા રાખી ઓછામાં ઓછી સજા કરવા અરજ કરેલ છે.

(૪) તમામ રેકર્ડ ઉપરની હકીકતો લક્ષમાં લેતા આરોપી જયારે તેઓની સામેનો આક્ષેપ કબુલ કરે છે. ત્યારે નામદાર ગુજરાત હાઈકોર્ટનો ગુજરાત રાજય વિ. નટવર હરચંદજી ઠાકોર ,જી.એલ.આર. ૨૦૦૫(૧) પાના નનં. ૭૦૯ ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદો વંચાણે લીધો. તેમજ સદરહું ચુકાદાના પેરા નં. ૨૧ માં જણાવેલ કારણો ધ્યાને લીધા. આ કામના આરોપી કુટુંબ કબુલા વાળા છે અને તેઓ કુટુંબના એકમાત્ર કમાનાર ઈસમ છે તથા તેઓના પ્રથમ ગુનો છે. આરોપીની સામાજીક તેમજ આર્થિક પરિસ્થિતીને ધ્યાને લઈ તેમજ ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંતોને ધ્યાને લેતા આરોપીને કબુલ બદલ ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હકુમ કરવામાં આવે છે.

**//:: હુ ક મ ::**//

૧. આરોપીને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ **૨૪૧** અન્વયે તકસીરવાન ઠરાવી ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ– ૮૫(૧ )૩ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજાઓ અને રૂા. **૧૦૦**/– (અંકે રૂપીયા એક સો) દંડની સજાનો હકુમ કરવામાં આવે છે. જો દંડ ન ભરે તો દિન–૫( પાંચ )ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** અપીલ સમય બાદ સદર કામે મુદામાલ પૈકી વાહન/મોબાઈલ અંગે જો કોઈ વચગાળાનો હુકમ કરવામા આવેલ હોય, તો તે આથી શરતો વિના કાયમ કરવાનો હુકમ કરવામા આવે છે. અન્યથા મુદામાલ વાહન/મોબાઈલની ઈન્કવાયરી કરવી. મુદામાલ પૈકી પ્રોહિબીશનનો મુદામાલ અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામા આવે છે.

**૩.** આરોપીના અગાઉના રજુ કરેલ જામીનખત તથા જાતમુચરકા ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ–૪૩૭ (એ) હેઠળ છ માસ પુરતા ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

**આ હુકમ આજ તારીખઃ ૦૯/૦૯/૨૦૨૩ના રોજ લોક અદાલત/સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

તા–૦૯/૦૯/૨૦૨૩
ઝગડીયા

(જે.ટી.પટેલ)
જયુ.મેજી.ફ.ક.
ઝગડીયા